# હાર્દિકને મળવા ૬૦ હજારથી વધુ સમર્થકો ઉમટ્યાનો દાવો

અમદાવાદ, તા.૨૯

પાટીદારોને અનામત અને રાજયના ખેડૂતોને દેવામાફીની માંગણી સાથે આમરણાંત ઉપવાસ પર ઉતરેલા હાર્દિક પટેલની તબિયત આજે સવારે થોડી વધુ લથડી હતી, તેનામાં ચાલવાની પણ શકિત જણાતી ન હતી. ડોકટરોએ પહેલેથી જ તેને હોસ્પિટલમાં એડમીટ સલાહ આપી હતી પરંતુ હાર્દિક હોસ્પિટલમાં દાખલ થવાને બદલે આજે સવારે એમ્બ્યુલન્સ સાથેની તબીબી ટીમ દ્વારા પોતાના ઉપવાસ સ્થળે જ મેડિકલ ચેક અપને પ્રાધાન્યતા આપી હતી. દરમ્યાન આજે ઉપવાસના પાંચમા દિવસે હાર્દિક પટેલે ટવીટ્ મારફતે ગંભીર અને તીખી પ્રતિક્રિયા આપી સરકાર અને પોલીસ તંત્ર પર સીધા પ્રહારો કર્યા હતા. હાર્દિકે દાવો કર્યો હતો કે, તેને ઉપવાસ આંદોલનમાં




મળવા માટે અત્યારસુધીમાં ૬૦ હજારથી વધુ લોકો આવ્યા પરંતુ પોલીસે તેમાંથી માત્ર ૧૧૨૪ લોકોને જ તેના ઘર સુધી આવવા દીધા. દરમ્યાન ઉપવાસના પાંચમા દિવસે આજના મેડિકલ ચેક અપ દરમ્યાન હાર્દિકનું વજન વધુ ૫૦૦ ગ્રામ ઘટી ગયુ હતુ. જો કે, તેના બ્લડપ્રેશર, સુગર સહિતના બીજા રિપોર્ટ નોર્મલ આવ્યા હતા. ડોકટરોની ટીમે હાર્દિકને હોસ્પિટલમાં દાખલ થવાની અથવા ફળ,જયુશ અને લીકવીડ લેવાની સલાહ આજે ફરીથી આપી હતી. હાર્દિકે ટવીટ કરી એવો પણ માર્મિક કટાક્ષ કર્યો છે કે, બંધારણમાં કોઈ નવી કલમ ઉમેરાઈ છે કે શું. મારા ઘરમાં કોણ આવશે અને કોણ નહી આવે તેનો ફેંસલો પણ હવે પોલીસ અને ભાજપ કરશે? છેલ્લા પાંચ દિવસથી તો આવું જ કંઈક લાગી રહ્યું છે. મને મળવા પૂરા પ્રદેશમાંથી ૬૦ હજારથી વધુ લોકો આવ્યા હતા પરંતુ પોલીસે માત્ર ૧૧૨૪ લોકોને જ મારા ઘર સુધી પહોંચવા દીધા. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પણ હાર્દિકનો મળવા મધ્યપ્રદેશમાંથી ખૂબ મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા પરંતુ પોલીસે માત્ર ૨૦ લોકોને જવા દીધા હતા.

હાર્દિક પટેલને સમર્થન આપવા કોંગ્રેસના કેટલાક નેતાઓ તેને મળવા માટે આવી પહોચ્યા હતા. રાજસ્થાનના બગરૂમાં રહેતા કોંગ્રેસના નેતા ડૉ. રઘુ આજે હાર્દિક પટેલને મળવા ગ્રીનવુડ આવ્યા હતા. હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે પાંચમો દિવસ છે. બીજા કેટલાક સમાજના લોકો હાર્દિકના સમર્થનમાં તેના નિવાસસ્થાને પહોંચ્યા હતા. તો, આજે પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ કુમાર ભટ્ટ પણ હાર્દિકને મળવા માટે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે, હાર્દિકને મળવા આવતા લોકોને રોકાય છે તે યોગ્ય નથી. પોલીસ અને અધિકારીઓ રાજકારણના ઈશારે કામ કરે છે.

પાલનપુરમાં ખાનગી પેસેન્જર વાહનો સામે આંખમીંચામણા કરનાર

# ટ્રાફિક પોલીસે કૃષિ યુનિ.ની બસને મુસાફરો સાથે ડીટેઈન કરતા ચકચાર

### ટ્રાફિક પોલીસની કાર્યપદ્ધતિ સામે છાત્રો અને કર્મચારીઓએ ઠાલવ્યો રોષ

પાલનપુરમાં વધતા જતા ટ્રાફિક વચ્ચે શટલીયા જીપ-રિક્ષા સહિતના પેસેન્જર વાહનો સામે કુણું વલણ અપનાવનાર ટ્રાફિક પોલીસ દ્વારા ટુ-વ્હીલરો અને જેમાં પાલનપુરથી કર્મચારીઓ અને છાત્રો અપડાઉન કરે છે. જોકે, ટ્રાફિક પોલીસે આજે મુસાફરો સાથે જ બસને ડિટેઈન કરી હતી. મુસાફરો સાથેની બસને પોલીસ સાથે બસને ડીટેન કરાતા છાત્રો સહિત કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. જેઓએ કીર્તિસ્થંભ વિસ્તારમાં જ શટલીયા જીપ- રિક્ષા ચાલકો સહિતના ખાનગી વાહનો અને



ખાનગી વાહનચાલકોની કનડગત કરાતી હોવાની રાવ ઉઠી છે. ટ્રાફિક પોલીસે દાંતીવાડા સરદાર કૃષિ યુનિવર્સિટીની મુસાફરો સાથે બસને ડિટેઈન કરાતા ચકચાર મચી ગઈ હતી.

પાલનપુર શહેરના કીર્તિસ્થંભ વિસ્તારમાં વર્ષોથી સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડાની બસ ઉભી રહે છે. હેડક્વાર્ટર લઈ જવાઈ હતી. જેને પગલે છાત્રો અને કર્મચારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હોવાનું પલ્લવી નામની છાત્રાએ જણાવ્યું હતું.

સરદાર કૃષિ યુનિવર્સિટી દાંતીવાડાના બિન શૈક્ષણિક કર્મચારી મંડળના પ્રમુખ સી.સી. જોશીએ જણાવ્યું હતુ કે, કૃષિ યુનિવર્સિટી ખાતે હાલમાં ઈન્ટરવ્યૂ અને એડમિશન પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે મુસાફરો ટ્રાફિકમાં અડચણરૂપ લારી-ગલ્લાઓ વાળા સામે ઢીલી નીતિ અપનાવનાર ટ્રાફિક પોલીસ સામે ભારે રોષ ઠાલવ્યો હતો. પોલીસ દ્વારા છાસવારે કૃષિ યુનિવર્સિટીની સ્ટાફ બસને નિશાન બનાવાય છે. જેનો ભોગ નિર્દોષ કર્મચારીઓ અને છાત્રો બની રહ્યા છે. ત્યારે યુનિવર્સિટીની બસ માટે કાયમી સ્ટેન્ડ ફાળવાય તેવી માંગ ઉઠી છે.




## ડીસા તાલુકાના જોરપુરા પાસે અકસ્માત : એકનું મોત

બનાસકાંઠાના ડીસા-થરાદ રોડ પર જોરપુરા નજીક ગતરોજ વહેલી સવારે બે ગાડીઓ વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું મોત નિપજ્યુ હતુ. જ્યારે જીપચાલક સહિત અન્ય ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં તેમને ડીસા ખાતે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડાયા હતા. ડીસા-થરાદ રોડ પર આવેલ જોરપુરા ગામના પાટિયા પાસે ગતરોજ વહેલી સવારે ફોર્ચ્યુન ગાડી (નં. આર.જે.૦૪.યુપીઓ.૬૫૯)ના ચાલકે કમાન્ડર જીપ (નં. જેજે.૮.આર.૫૭૧૮)ને ધડાકાભેર ટક્કર મારતાં કમાન્ડર જીપમાં બેઠેલા દુધાભાઈ શંકરભાઈ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતું. જ્યારે જીપમાં સવાર અન્ય ત્રણ વ્યક્તિઓને પણ ઈજાઓ થતાં તેમને ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. બનાવની જાણ થતાં ડીસા તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસની વધુ તપાસ પીઆઈ આર.આર. શર્મા ચલાવી રહ્યા છે. આ ઘટનામાં દાદાની મરણ પ્રસંગ પતાવીને પરત જઈ રહેલા પરિવારના પૌત્રનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

# અરવલ્લી જિલ્લામાં શ્રાવણીઓ જુગાર પૂરબહારમાં

### ૨૪ કલાકમાં મોડાસાના સાકરીયા ગામેથી ૮, ધનસુરાના વડાગામમાંથી ૪ અને મેઘરજના મુડશી ગામેથી ૧૧ શકુનિઓ ઝડપાયા

મોડાસા, તા. ૨૯

હાલ શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે જીલ્લામાં શ્રાવણીઓ જુગાર રમી રમાડી રહેલા શકુનિઓની પોલીસતંત્રના દરોડામાં ઝડપાઈ રહ્યા છે. જીલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલે પોલીસતંત્રને પ્રોહી. જુગારના કેસો શોધી કાઢી કાયદેસરની કાર્યવાહીના આદેશના પગલે જીલ્લા પોલીસતંત્રની વિવિધ શાખાઓ અને પોલીસસ્ટેશનના અધિકારીઓ ઠેર ઠેર રેડ કરી જુગારીઓને દબોચવામાં સફળ રહેતા શ્રાવણીઓ જુગાર રમતા અને રમાડતા શખ્સોમાં ભારે ફફડાટ ફેલાયો છે. શકુનિઓ પકડાતા જ પોલીસ અધિકારીઓ પર રાજકરાણી અગ્રણીઓ અને હોદ્દેદારો દ્વારા એનકેન પ્રકારે દબાણ લાવી કેસ રફેદફે કરવાના પ્રયત્નો પણ નિષ્ફળ રહેતા પોલીસતંત્રની કોઈની પણ શેહ-શરમ રાખ્યા વગરની કામગીરી સમગ્ર જીલ્લામાં આવકાર દાયક બની હતી. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા ૨૪ કલાકમાં ત્રણ સ્થળે રેડ કરી ૨૩ શકુનિઓને ઝડપી પાડી ૩૦૭૫૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની



કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા એલસીબી પી.આઈ એન. કે. રબારી અને તેમની ટીમે બાતમીના આધારે મોડાસાના સાકરીયા ગામની સીમમાં શ્રાવણીઓ જુગાર રમતા મનેષ ઉર્ફે ભેમાભાઈ પ્રવીણભાઈ પટેલ (રહે, સાકરીયા), દિપક અમરતલાલ ગાંધી (રહે, રત્નદીપ સોસ, મોડાસા) સેવકરામ મેઘરાજમલ સિંધી (રહે, નવદુર્ગા સોસા, ધનસુરા), યુનુસ ગુલામનબીભાઈ ઘાંચી (રહે, ઘાંચીવાડા, મોડાસા), અયુબમિયાં અકબરમિયા ચૌહાણ (રહે, હરસોલ,તલોદ), માજિદખાન ઈબ્રાહીમભાઈ સુથાર (રહે, રહેનુમા સોસા, મોડાસા), મોહમ્મદ રફીક યુસુફભાઈ ઘાંચી (રહે, બુલા સ્ટ્રીટ, મોડાસા), પ્રકાશ શંકરભાઈ ભોજિયા (રહે, મેયરગલી, મોડાસા)ને ગંજીપાનો હારજીતનો જુગાર રમી રમાડતા ઝડપી પાડી રોકડ રકમ રૂ. ૬૭૩૦૦, મોબાઈલ નંગ-૮ કીં. રૂ. ૫૪૦૦૦ તથા અન્ય મુદ્દામાલ કીં. રૂ. ૬૦ મળી કુલ. રૂ.૧૨૧૩૬૦ મુદ્દામાલ જપ્ત કરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા પોલીસે વડાગામ સીમમાં ખુલ્લામાં જુગાર રમતા હોવાની બાતમી મળતા રેડ કરતા નિકુલ ઈશ્વરભાઈ લુહાર, વિષ્ણુભાઈ રબારી, મૌલિક પટેલ (ત્રણે રહે, વડાગામ,ધનસુરા) નગીનભાઈ જગમલભાઈ લુહાર (રહે, વછીયા તળાવ, લુણાવાડા) અને રોઝડાનો અજાણ્યો શખ્સમાં નાસભાગ થતા નિકુલ અને નગીન નામના જુગારીયા ઝડપાઈ ગયા હતા અને ત્રણ શખ્સો નાસી છૂટવામાં સફળ રહેતા ધનસુરા પોલીસે ૫ શખ્સો સામે ગુન્હો નોંધી બે બાઈક અને ૭૮૬૩૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ત્રણ શકુનિઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

મેઘરજ પોલીસે બાતમીના આધારે મુડશી ગામેથી જુગાર રમતા ૧૧ ઈસમો સાથે રૂ ૧૦૭૫૫૦ નો મુદ્દામાલ ઝડપી પાડતાં જુગારીયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે મેઘરજ તાલુકાના મુડશી ગામે ખુલ્લામાં ૧૧ જેટલા ઈસમો જુગાર રમી રહ્યા હતા તેવામાં મેઘરજ પી.એસ.આઈ સંજય શર્માએ મુડશી ગામે રેડ કરતાં જુગાર રમતા ૧૧ ઈસમો તેમજ તેમની પાસેથી રોકડ રકમ રૂ. ૩૪૫૫૦ મોબાઈલ નં ૧૧ જેની કિંમત ૨૩૦૦૦ તથા બે મોટર સાયકલો જેની કિંમત રૂ. ૫૦૦૦૦ કુલ મળી રૂ.૧૦૭૫૫૦ મુદ્દામાલ સાથે આરોપીઓને ઝડપી પાડયા હતા રહીમ અબ્દુલ બાકરોલીયા રહે. મેઘરજ મુસ્તુફા ગુલામ ગેણા રહે. મોડાસા આરીફ મશાક શેખ રહે.મોડાસા, મુસ્તુફા રહીશ મકરાણી રહે.મોડાસા, સત્તાર ગુલામ દાદુ રહે.મોડાસા, ઈલીયાસ મુસા પરપર રહે.મેઘરજ, શહદત કાસમ દાદુ રહે. મોડાસા, ઈનાયત નસીબ બલોચ રહે. મોડાસા, અબ્દુલ કાસમ રાઠોડ રહે.મોડાસા. સીરાજ સુલેમાન બંગા રહે.મેઘરજ, સલાઉદીન ગુલામ બાકરોલીયા રહે.મેઘરજ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુરમાં દાગીના ધોવા આવેલા ગઠીયો ચેન લઈ ફરાર

પાલનપુરના ડેરી રોડ વિસ્તારમાં આવેલી સત્યમ સીટી સોસાયટીમાં ગુરૂવારે દાગીના ધોવાના બ્હાને આવેલા ત્રણ ગઠિયા એક મહિલાની નજર ચૂકવી રૂપિયા ૫૦ હજારની સોનાની ચેઈન લઈ ફરાર થઈ ગયા હતા.

પાલનપુરમાં ડેરી રોડ નજીક આવેલી સત્યમ સીટી સોસાયટી માં ગુરૂવારે ત્રણ શખ્સો દાગીના ધોવા માટે આવ્યા હતા. જેમણે આ સોસાયટીમાં રહેતા નયનાબેન પરથીભાઈ ચૌધરીને વિશ્વાસમાં લઈ રૂપિયા ૫૦ હજારની સોનાની ચેઈન ધોઈ આપવા માટે તપેલી મંગાવી તેમાં પાણી રેડ્યું હતુ. જે પછી સગડી ઉપર મુકી અંદર ચેઈન મુકી ઉપર ઢાંકણું મુકી દીધુ હતું. અને થોડાક સમય પછી ચેન કાઢી લેવા માટે જણાવી ચાલ્યા ગયા હતા. દરમિયાન નયનાબેને તપેલીમાં જોતા ચેઈન જણાઈ ન હતી. આમ પોતાની સાથે છેતરપીંડી આચરાઈ હોવાની જાણ થતાં નયનાબેને આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



**ખેડબ્રહ્મા રાધા-કૃષ્ણ મંદિર શિવયજ્ઞ સાથે શિવકથાની પુર્ણાહુતી**

ખેડબ્રહ્માના રાધા-કૃષ્ણ મંદિરમાં શિવકથાનું ૨૦ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્ણાહુતિના દિવસે યોજાયેલ શિવયજ્ઞમાં કથાના મુખ્ય યજમાન જગુભાઈ કોદરભાઈ પટેલ, કુમુદબેન સુમનભાઈ પટેલ, હીરાભાઈ રાગુભાઈ પટેલ સહિત ૬ યજમાનોએ ધર્મલભ લીધો હતો. વ્યાસપીઠ વક્તા નારાયનદાસ મહારાજ (મુંબઈવાળા)એ શાસ્ત્રોક્તવિધિ સાથે શિવયજ્ઞ સંપન્ન કરાવ્યો હતો. આ કથામાં મોટી સંખ્યામાં ભક્તોએ કથા શ્રાવણ તથા યજ્ઞ દર્શનનો લાભ લીધો હતો. કથાને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, ગોપી મંડળની બહેનો સહિત સમિતિના સભ્યો લખુભાઈ અટરા, ચંદુભાઈ દવે, બાબુભાઈ પટેલ સહિત મંદિરના પૂજારી જસવંતભાઈ પંડ્યાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## દીકરીના લગ્ન માટે એકત્ર કરેલા રૂપિયા ઉપડી ગયા

### પાલનપુરના ગૃહસ્થ સાઇબર ક્રાઇમનો ભોગ બન્યા

પાલનપુર રામલીલા મેદાન વિસ્તારમાં રહેતા એક ગૃહસ્થની દીકરીએ મોબાઈલ ફોન ઉપર હિન્દી ભાષી શખ્સને એટીએમ કાર્ડના ગુપ્ત નંબરો જણાવી દેતાં ગૃહસ્થના બેંકના ખાતામાંથી રૂપિયા ૪૨ હજાર ઉપડી ગયા હતા. આ રકમ તેમણે દીકરીના લગ્ન માટે એકત્ર કરી હતી. પાલનપુર ખાતે રામલીલા મેદાન વિસ્તારમાં રહેતા ગોવિંદભાઈ રામજીભાઈ પટણીએ તેમની દીકરીના લગ્ન માટે બેંક ઓફ બરોડામાં ખાતુ ખોલાવી રૂપિયા ૪૨૦૦૦ એકત્ર કર્યા હતા. દરમિયાન ગુરૂવારે તેમના મોબાઈલ ફોન ઉપર હિન્દી ભાષી શખ્સનો ફોન આવ્યો હતો. જે દીકરીએ રીસીવ કરી એટીએમના નંબર સહિતની ગુપ્ત માહિતી આપી હતી. જેના થોડાક જ કલાકોમાં તેમના ખાતામાંથી નાણાં ઉપડી ગયા હતા. આમ પરસેવાની કમાણી ગુમાવી ગોવિંદભાઈ સાઈબર ક્રાઇમનો ભોગ બન્યા હતા. આ અંગે તેમણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## પાલનપુરમાં યુવકના મોબાઈલ પાર્સલમાંથી ઘડિયાળ, બેલ્ટ અને પર્સ નીકળતા છેતરાયો

### દિલ્હીથી ફોન આવ્યો,૧૮ હજારનો મોબાઈલ ૪ હજારમાં મળશે, દર મહિને ૧૫થી ૨૦ લોકો લાલચમાં આવી છેતરપિંડીનો ભોગ બને છે

ફોન પર મોંઘભાવની ચીજ વસ્તુઓને સસ્તા ભાવે આપી લોકોને છેતરવાનું નેટવર્ક દેશની રાજધાની દિલ્હીથી ચાલી રહ્યું છે જેમાં ઘણા એવા લોકો છે કે મોંઘીદાટ વસ્તુઓને બજાર કિંમત કરતા સસ્તી મળવાની લાલચ માં ફોન પર આવેલ ઓફર ને ઓડર આપી દેતા હોય છે અને બાદ માં જયારે પાર્સલ ખુલ્લે ત્યારે જ માલૂમ પડે છેતરપિંડી થઈ છે આવો જ એક બનાવ પાલનપુરમાં માં પ્રકાશમાં આવ્યો છે પાલનપુર આબુ હાઈવે પર આવેલ



મોનાલીસા સલૂન માં નોકરી કરતો નિક ગોહિલ નામના યુવાન પર એક અઠવાડિયા પહેલા દિલ્હી થી એક મહિલા એ મીઠા આવજ માં ફોન કરીને વિવો કંપનીનો ૧૮ હજાર નો મોબાઈલ માત્ર ૪ હજાર આપવાની ઓફર કરી હતી જો કે ઓફર ની લાલચ માં આ યુવાનો ઓડર આપી દીધો હતો.અઠવાડિયા બાદ જયારે પાલનપુર પોસ્ટ ઓફીસ માં નાણાં ભરીને મોબાઈલનો પાર્સલ છોડાયો હતો અને ઘરે આવીને પાર્સલ ખોલ્યો તો તે ખુદ ચોકી ગયો હતો.અને પાર્સલ માંથી મોબાઈલ નહિ પણ એક હાથ ઘડિયાળ, પર્સ અને બેલ્ટ નીકળ્યો હતો.આ જોઈને જ્યારે દિલ્હી થી આવેલ ઓફર ફોન પર કોલ કરતા ફોન સ્વીચ ઓફ આવ્યો હતો જો કે પોસ્ટ માંથી આવેલ મોબાઈલ પાર્સલ ખૂલતી સમય લાઈવ વીડિયો પણ ઉતાર્યો હતો.. આ બાબતે અમારા પાલનપુર સંવાદદાતા એ પોસ્ટ ઓફીસ ના અધિક્ષક એચ સી જોશી નો રૂબરૂ સંપર્ક કર્યો ત્યારે માલુમ પડ્યું કે દિલ્હી ફોન પર સસ્તા ભાવે ચીજ વસ્તુઓના ઓફર ના ઓડર ના પાર્સલ માં છેતરપિંડી ની એવરેજ દર મહિનાની ૧૫ થી વધુ ફરીયાદ આવે છે પરંતુ પોસ્ટ વિભાગ ની પાર્સલ લેવાની અને મૂળ વ્યક્તિ ને નક્કી કરેલ રકમ લઈને આપવાની જ જવાબદારી હોય છે.

### ઉગ્ર દેખાવો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાનાશાહી નહીં ચલેંગી જેવા સુત્રોચ્ચાર કરી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ દરમિયાન કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે આંશિક ઘર્ષણ થયુ હતુ. જયારે શાળાના ગેટ પાસે જ ધરણા કરવાના મુડમાં કાર્યકર્તાઓનો મિજાજ જોઈને શાળા સંચાલકો પણ આ મામલે સમાધાનકારી વલણ અપનાવી શિક્ષિકાની આ હરકત બદલ માફી માંગી હોવાનુ બજરંગદળના પ્રમુખ શકિતસિંહે જણાંવ્યુ છે. જયારે આ મામલે શાળાના આચાર્યએ માફી માંગ્યા બાદ બજરંગ દળના કાર્યકર્તાઓએ શિક્ષકો તેમજ સંચાલકોના હાથ પર રાખી બાંધી હતી. આ તબક્કે બજરંગ દળે આગામી વર્ષ દરમિયાન રક્ષાબંધનના પર્વની ઉજવણી કાર્મેલ શાળામાં કરવાનો ઈરાદો પણ વ્યકત કર્યો હતો.

### કાંકરેજ તાલુકાના ચાંગા પાસે અકસ્માત, એક વ્યક્તિનું મોત

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ચાંગા પાસે આજરોજ ટ્રકની અડફેટે બાઈક સવારનું મોત નીપજ્યું હતું. જે ઈસમ કાંકરેજ તાલુકાના વડા ગામનો ઉણેચા જયંતીજી ભુદરજી હોવાનું જાણવા મળ્યું હતું.

### ચૂંટણીની શક્યતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપના રણનીતિકારોને લાગે છે કે આ ત્રણેય રાજ્યોની વિધાનસભાની ચૂંટણી લોકસભાની સાથે જ કરાવવાથી પાર્ટીને વડાપ્રધાન મોદીની છબીનો લાભ મળે તેવી સંભાવના છે. આ ત્રણેય રાજ્યોમાં ભાજપ માટે ચિંતાની સ્થિતિ છે.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

પાછા આવતાં અમે ગૌહત્તી એક્સપ્રેસમાં બેઠા હતા. આગળથી આવતા મુસાફરોમાં આસામના રહેવાસી મોટી સંખ્યામાં હતા. અમારા ડબ્બામાં એક આસામી યુગલ તેના સોહામણા બાળક સાથે બેઠું હતું. આવું રૂપાળું બાળક સાથે હોય એટલે બધા મુસાફરોની નજર એની ગતિવિધિઓ તરફ જ હોય. એ રડતું હોય, હસતું હોય, મોટે ભાગે મમ્મીના ખોળામાં હોય , પણ મમ્મીને થોડોક આરામ આપવાના આશયથી અથવા પોતે જરાક ખોળાફેર કરવા માંગતું હોય ત્યારે ઘડીક પપ્પા પાસે જતું હોય, એની મા બગડેલા કપડાં બદલાવતી હોય, દૂધ પીવરાવતી હોય કે બિસ્કીટ ખવરાવતી હોય કે ઊંઘાડતી હોય તેની દરેક પ્રક્રિયા જોનારને અવિરત આનંદ આપે છે. આટલા કલાકો આ બાળક આમારી સાથે રહ્યું, પણ આવતી કાલે સામે મળે તો ના ઓળખાય ! અરે તેના મમ્મી-પપ્પાને પણ પારખવા અઘરા પડે. કેવી છે આપણી જીવનલીલા ! મધુમામા અને ઉષાબેન ના કમ્પાર્ટમેંટમાં તો ઘણા બધા આસામી યુવાનો આવી ગયા હતા.( રાજુભાઈ છેલ્લા ડબ્બામાં એકલા હતા.) મધુમામાએ એમને આપણી ગુજરાતી સુખડી અને રાજગરાના શીરાનો સ્વાદ એવો દાઢે વળગાડ્યો કે એમને તો ભાઈ ભારે મજા પડી ગઈ. એ તો આ વસ્તુઓ શેમાંથી બનાવાય છે અને કેવી રીતે બનાવે છે એ બધુ જાણવા ઉત્સુક થઈ ગયા. આપણા સાથીઓએ એમને જિજ્ઞાસાને પૂરેપૂરી સંતોષી. (પૂર્ણ)

### ટેગીંગ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે બાયસેગ, ગુગલ મેપીંગ સહિત ત્રણેક જેટલી એજન્સીઓ દ્વારા આ આખુય સોફ્ટવેર ડેવલપ કરાશે. આ વિસ્તારમાં નજર રાખવા માટે ડ્રોન તેમજ સીનીયર સેટેલાઈટ મોડ્યુલ્ડની પણ સહાય લેવામાં આવશે. જીયો-ટેગીંગની મદદથી ભાટની તમામ જમીનોની વિગતો તેમજ વિકાસ પર સીધી નજર આ ઉપકરણોથી રખાશે. આ ગામની ખેતીમાં કયા ખેતરમાં કયા પાકની વાવણી કરાઈ છે તેની શું સ્થિતિ છે તેની પણ રોજેરોજની જાણકારી કોમ્પ્યુટર પર અપડેટ થતી રહેશે.

મહેસુલ વિભાગે હાલ આ બે ગામોની પાયલોટ પ્રોજેક્ટ તરીકે જ પસંદગી કરી છે. આ પછી અન્ય ગામો અને અન્ય જિલ્લાઓમાં તે અમલી બનાવવા પર વિચારણા કરવામાં આવશે. મહેસુલ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજયના મહેસુલી ઈતિહાસમાં આ ક્રાંતીકારી પહેલ સાબિત થશે.

### ચેરમેન પદે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપના સ્થાનિક નેતાઓની બાજ નઝર હતી. પરંતુ સરકારે આખરે શહેરી વિકાસ સત્તા મંડળના અધ્યક્ષ પદે મહાનગરપાલિકાના કમિશ્નરને વહીવટ સોંપવાનો નિર્ણય લેતા આ નેતાઓના અરમાન પર પાંણી ફરી વળ્યુ છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના પ્રમુખ તરીકે પણ મહાનગરપાલિકાના કમિશ્નરને જવાબદારી સોંપવામાં આવી છે. ગુડાના ચેરમેન પદે મહાનગરપાલિકાના કમિશ્નરને મુકવાની મહત્વપુર્ણ જાહેરાતના અંતે નેતાઓમાં રાજકીય નિમણુંકની અટકળોનો પણ અંત આવી ગયો છે.

### નોટો જમા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી હતી. આખરે આ કવાયત પરિપૂર્ણ થઈ ચુકી છે. ૨૦૧૭-૧૮ માટેના વાર્ષિક રિપોર્ટમાં આરબીઆઈએ આ મુજબની વાત કરી છે. ૮મી નવેમ્બર ૨૦૧૬ના દિવસે સરક્યુલેશનમાં ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની કિંમતની ૧૫.૪૧ ટ્રિલિયન રૂપિયાની રકમ હતી તે વખતે નોટબંધીની જાહેરાત કરી હતી. આ પૈકીની ૧૫.૩૧ ટ્રિલિયન રૂપિયાની રકમ ફરી ચુકી છે. આનો મતલબ એ થયો કે બેંકિંગ સિસ્ટમમાં માત્ર ૧૦૭.૨૦ અબજ રૂપિયાની રકમ પરત ફરી નથી. આરબીઆઈ દ્વારા આજે આ અંગેના આંકડા જારી કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ પાર્ટી અને અન્યોને મોટો ફાયદો મળી ગયો છે. ૨૦૧૭-૧૮ દરમિયાન ૨૭.૭ અબજ રૂપિયાની બેંક લોન જમા કરવામાં આવી હતી. ૨૦૧૭-૧૮માં કરન્સી મેનેજમેન્ટના ફોકસમાં કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી. કેશલેસ પ્રયાસો રિમોનિટાઈઝેશન માટે હાથ ધરવામાં આવ્યા હતા. આના ભાગરુપે નવી સિરિઝ હેઠળ ૧૦ રૂપિયા અને ૫૦ રૂપિયાની નવી નોટ જારી કરવામાં આવી હતી. ૨૦૦ રૂપિયાની નવી નોટ પણ જારી કરાઈ હતી.

### નીચલા સ્તરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિનસત્તાવાર અહેવાલમાં જણાવાયું છે કે, ઓઈલ માર્કેટિંગ કંપની તરફથી ડોલરની ડિમાન્ડ વધવાને કારણે રૂપિયા પર દબાણ વધી ગયું છે. અમેરિકી અર્થવ્યવસ્થામાં સુધાર થવાને કારણે ડોલર મજબૂત થયો છે, એટલા માટે દુનિયાભરની કરન્સી પર દબાણ વધ્યું છે. એક્સપર્ટ અનુસાર આવનારા દિવસોમાં હજુ પણ નીચલા સ્તરે પહોંચી શકે છે. આમ જોવા જઈયે કે રૂપિયામાં ઘટાડો થવા છતાં ભારતમાં વિદેશી રોકાણ સતત વધી રહ્યું છે. જેને કારણે ઘણા એક્સપર્ટ તેને અર્થવ્યવસ્થા માટે એક સારો સંકેત માને છે. તેમનું માનવું છે કે વિદેશી રોકાણ વધવાને કારણે રૂપિયામાં મોટો ઘટાડો અચાનક આવે, તેની આશંકા ખુબ જ ઓછી છે.

### ડીએમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આધાર પર આને મંજુરી આપવામાં આવી છે. મોંઘવારી ભથ્થામાં બે ટકાના વધારાને મંજુરી આપવામાં આવ્યા બાદ કર્મચારીઓને સીધો ફાયદો થશે. કેન્દ્ર સરકારના ૪૮.૪૧ લાખ કર્મચારીઓ અને ૬૨.૦૩ લાખ પેન્શનરોને સીધો ફાયદો થશે. ડીએ અને ડીઆર બંનેમાં કરવામાં આવેલા ફેરફારના આધાર પર પ્રતિવાર્ષિક નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૬૧૧૨.૨૦ કરોડ અને ૪૦૭૪.૮૦ કરોડનો બોજ પડશે. તહેવારની શરૂાત થઈ રહી છે ત્યારે આ વધારો ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસથી ડીએમાં વધારાને લઈને ચર્ચા ચાલી રહી હતી. આજે આખરે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ અંગેના નિર્ણયને લીલીઝંડી આપવામાં આવી હતી. કેન્દ્રીય કર્મચારી દ્વારા પોતપોતાની પ્રતિક્રિયા આપવામાં આવી છે. આ અંગે ખુશીનું મોજુ કર્મચારીઓમાં ફરી વળ્યું છે.

### રાફેલ ડિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આક્ષેપોને રદિયો આપ્યો છે. જેટલીએ કહ્યું છે કે, રાહુલ ગાંધી હાલમાં કહી રહ્યા છે કે, અમે ૫૦૦થી વધારે આપી રહ્યા હતા અને તમે ૧૬૦૦થી વધુ આપી રહ્યા છો. તેઓ પોતે રાહુલને પુછવા માંગે છે કે, આ ડિલને કરવામાં અનિશ્ચિતકાળ સુધી વિલંબ કેમ કર્યો હતો. યુપીએ સરકારે આ ડિલને કોલ્ડસ્ટોરેજમાં કેમ મુકી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા એકે એન્ટોની રાફેલ ડિલ ઉપર જવાબ આપી શકે છે. આખરે યુપીએ સરકારે ૧૦ વર્ષ સુધી ડિલને લટકાવીને કેમ રાખી હતી. જેટલીએ રાહુલ ગાંધીના ડિલ ઉપર અલગ અલગ નિવેદનોને લઈને કહ્યું કે, જયપુરમાં રાહુલ ગાંધીએ ૫૨૦ કરોડ અને ૫૪૦ કરોડ રૂપિયાના આંકડા એક ભાષણમાં આપ્યા હતા હૈદરાબાદમાં રાહુલ ગાંધીએ ૫૨૬ કરોડ રૂપિયાની રકમનો ઉલ્લેખ કર્યો હતો.